# અંજાર ખાતે વાણિજ્યીક એકમો સાથે સંકળાયેલા વ્યકિતઓ માટે વિશેષ રસીકરણ કેમ્પને ખુલ્લો મુકતા રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર

## કોરોનાની ત્રીજી લહેર રોકવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ – રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર





રીપોર્ટ -અજય ખત્રી - કચ્છ

કમલમ દૈનિક, ભુજ,

અંજાર ખાતે વાણિજ્યીક એકમો, દુકાનો, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટ યાર્ડ વગેરે જેવી તમામ વ્યાપારીક ગતિવિધિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ અને તમામ વ્યકિતઓ માટે વિશેષ રસીકરણ કેમ્પનો રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે શુભારંભ કરાવ્યો હતો. રાજય સરકાર દ્વારા વિવિધ વાણિજયીક સંસ્થાઓ સાથે સંકળાયેલા તમામ વ્યકિતઓને તા. ૩૧/૭/૨૦૨૧ સુધીમાં વેકેસીનનો પ્રથમ ડોઝ લેવો આવશ્યક બનાવાયો છે. આ તકે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ અને પ્રવાસન રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, કોરોનાની ત્રીજી લહેરને આવતી અટકાવવા અને નાગરિકોને સુરક્ષિત રાખવા રાજયસરકાર દ્વારા આજે રાજયમાં વ્યાપારિક ગતિવિધિઓ સાથે સંકળાયેલ દુકાનો, વાણિજયીક સંસ્થાઓ, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટયાર્ડ વિગેરે જેવી સંસ્થાના માલિકો, સંચાલકો તેમજ કર્મચારીઓ માટે વિશેષ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અંજાર તાલુકા હેલ્થ ઓફિસ અને અંજાર ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ વિશેષ કેમ્પમાં રાજયમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજયને ૧૮ લાખ ડોઝ ફાળવવામાં આવ્યા છે. રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી રાજય સરકાર રાજયમાં રોજનાં પાંચ લાખ ડોઝનાં લક્ષ્યાંક સાથે કોરાનાની ત્રીજી લહેરને રોકવા માટે સતત પ્રયત્નશીલ છે. આ તકે યોજાયેલ આ વિશેષ રસીકરણ કેમ્પના આયોજન માટે રાજયમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પણ આપ્યા હતા અને પરિવારનાં દરેક સભ્યો રસી મૂકાવે તેવી અપીલ કરી હતી. આ વિશેષ રસીકરણ કેમ્પમાં ૧૧૦૦ વેકસીન ડોઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે ચેમ્બર ઓફ કોમર્સ અંજારનાં પ્રમુખશ્રી રશ્મિનભાઈ પંડયા, મંત્રી ભરતભાઈ શાહ, વસંતભાઈ કોડરાણી, ડિસ્ટ્રીબ્યુટર એશોસિએશનના પ્રમુખશ્રી કુલીનભાઈ પલણ, અગ્રણીશ્રી ડેનીભાઈ શાહ, અનિલભાઈ પંડયા, મોબાઈલ એશોસિએશનના પ્રમુખશ્રી ડી.સી.ઠકકર, અંજાર મામલતદારશ્રી એ.બી.મંડોરી, બ્લોક હેલ્થ ઓફિસર ડો.રાજીવ અંજારીયા, અને અંજાર અર્બન હેલ્થ સેન્ટરના ડો અમીબેન અને તેમની ટીમ તેમજ અંજારના નાગરિકો કોરોનાની માર્ગદર્શિકા મુજબ ઉપસ્થિત રહયા હતા.

# યુનિટી ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ માંડવી દ્વારા રક્તદાન શિબિર યોજાયો





રીપોર્ટ -અજય ખત્રી - કચ્છ

કમલમ દૈનિક, માંડવી

યુનિટિ ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ માંડવી દ્વારા અનેક સેવાકીય પ્રવૃતિઓ કરાતી હોય છે. ત્યારે કોરોના ના કપરા સમયમાં પણ આ ગ્રુપના યુવાનો દ્વારા રકતદાન શિબિરનું આયોજન માંડવી સિવિલ હોસ્પિટલ ખાતે કરાયું હતું.

કોવિડ ગાઈડ લાઈન ને અનુસરી અહીંયા આજે બહોળી સંખ્યામાં લોકોએ જાણે આજે રકતદાન નું પર્વ હોય તે રીતે રકતદાન કર્યું અને રકતદાન એ મહા દાન છે તે શબ્દ ને આજરોજ લોકોએ માંડવી મધ્યે સાર્થક કર્યો હતો , આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ડો.કીશોર રોય ,ડો. વિશવાબેન જેઠવા , ડો.ધ્રુમીત પટેલ, માંડવી નગરસેવિકા પૂજાબેન મોતીવરસ, ભારતીબેન વાડા, વિજયભાઈ ચૌહાણ ના હસ્તે કરવામાં આવ્યું હતું આ રકતદાન શિબિર માં મુખ્ય અતિથિ તરીકે માંડવી નગર અધ્યક્ષા હેતલબેન સોનેજી ઉપસ્થિત રહ્યા હતા. યુનિટી દ્વારા કરાતી સેવાકીય પ્રવૃત્તિઓ માટે નગર અધ્યક્ષાએ ગ્રુપના યુવાનોને બિરદાવ્યા હતા જયારે રક્તદાતાઓમાં જાગૃતિ લાવવા માટે નખત્રાણા મામલતદાર શ્રી વસંતલાલ સોલંકી ખાસ ઉપસ્થિત રહી પોતે પણ રક્તદાન કરી યુવાઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. માંડવી નગરપાલિકા ના નગર સેવક પારસ સંઘવી, અમિતભાઇ મહેતા, ચેતનભાઈ ખત્રી, ભગવાનભાઈ માલમ, લાલજી ભાઈ માલમ, ભરતભાઈ કોલી, સુરેશભાઈ ખત્રી, કમલ ભાઈ આસોડિયા, રાજુભાઈ માલમ, જયેશભાઈ ખત્રી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન યુનિટી ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ નિલેશભાઈ મોતીવરસ અને રીકુભાઈ છાટપાર એ કર્યું હતું. શિબિરને સફળ બનાવવા મહેશભાઈ જોશી, જગદીશભાઈ ગઢવી, જુબેર રાયમા, સુરેશભાઈ ચૌધરી , શબીર મેમણ એ જહેમત ઉપાડી હતી. આભાર વિધી અજય ખત્રી એ કરી હતી..

# બગોદરા જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરતા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## બગોદરા જૂથ પાણી પુરવઠા યોજનાથી બગોદરા સહિત સાત ગામોને નર્મદાનું પીવાનું શુદ્ધ પાણી મળશે: ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રૂ.૬.૧૧ કરોડના ખર્ચે અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના બગોદરામા નિર્માણ પામેલી જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કમલમદૈનિક,

મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, અજાણ્યો અને અદૃશ્ય શત્રુ એવો કોરોના આવવાથી આપણું આખું જીવન અને તમામ આયોજનો બદલાય ગયા છે ત્યારે આવા કપરા કાળમાં પણ ગુજરાત સરકારે અવિરત ગતિથી વિકાસ કાર્યો ચાલે તે માટેનું આયોજન કર્યું છે અને તેથી જ હવે કોરોના સમયમાં અટકી પડેલા કામો અત્યારે ડબલ ગતિથી ચાલી રહ્યા છે. દરેક માણસની પ્રાથમિક જરૂરિયાત રસ્તા, પાણી અને વિજળી જન-જન સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પહેલાના જમાનામા નદી કિનારે વિકાસ થતો હતો. હવે, હાઈવે ટચ હોય તે ગામ અને શહેરનો વિકાસ થાય છે જેને લીધે સ્થાનિક રોજગારીનું સર્જન થાય છે. અને એટલે જ મુંબઈ, દક્ષિણ ગુજરાત કે ઉત્તર ગુજરાત ,અમદાવાદથી સૌરાષ્ટ્રમાં જવા માટેનું મહત્વનું સ્થળ- બગોદરા વિકાસનું બારુ બન્યું છે." કોરોનાને નાથવા માટે રસીકરણ માત્ર એક ઉપાય છે એટલે દરેક લોકો અચુક રસી લઈ લે તેવો મંત્રીશ્રીએ ભારપૂર્વક આગ્રહ કર્યો હતો. આ યોજના અંતર્ગત શિયાળ હેડવકર્સથી બગોદરા હેડવકર્સ સુધીની ડી.આઈ પાઈપ લાઈન ,બગોદરા ખાતે ૧૫ લાખ લિટર ક્ષમતાના ભૂગર્ભ સંપ તથા છ લાખ લિટર ક્ષમતાની ઊંચી ટાંકી, પંપહાઉસ અને પંપીંગ મશીનરી તેમજ બગોદરાથી બાવળા તાલુકાના ગામો માટેની પાઈપ લાઈનની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. બગોદરા જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણ થવાથી બગોદરા સહિત ૭ ગામોને નર્મદાનું પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, પૂર્વ ધારાસભ્યશ્રી, મામલતદારશ્રી, પાણી પુરવઠા બોર્ડના ઈજનેર શ્રીઓ અને અધિકારીશ્રીઓ, ધોળકા પ્રાંત અધિકારીશ્રી અને સાત ગામના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આહ્વાનગર ના સરપંચ હરિરામભાઈ સાવંત બંધ બાબતે સહમતી



કમલમદૈનિક,

આહવા નગરના તમામ વેપારી મિત્રો સહિત સર્વે નગરજનોને આપણા ડાંગ જિલ્લાના વઘઈના બે યુવાનોનું ચિખલી પોલીસસ્ટેશન ખાતે થયેલ મૃત્યુ અને પોલીસ દ્વારા થયેલ અમાનવિય અત્યાચાર વિરુદ્ધ આપણી એકતા દર્શાવવા તેમજ મૃત્યુ પામનાર આદિવાસી યુવાનોના પરીવારોને ન્યાય મળે, આ કેસની નિષ્પક્ષ તપાસ થાય અને સંબંધિત ગુનેગારોને આકરામાં આકરી સજા થાય તે હેતુથી આવતીકાલે તારીખ ૨૬।૭।૨૦૨૧ (સોમવાર) ના રોજ આહવા નગરના તમામ નાના-મોટા વેપારીઓ બંધુઓને પોતાની દુકાનો સ્વયંભૂ રીતે બંધ પાળવા માટે અપીલ કરું છું. સાથે સર્વે નગરજનોને પણ આહ્વાનગર બંધમાં જોડાવા અપીલ કરું છું. વધુમાં આપણા જિલ્લાના આ બે આદિવાસી દીકરાઓ માત્ર ૧૯ વર્ષની વયના હોવાથી તેમના પરીવાર ઉપર ખૂબ મોટું સંકટ આવી પડેલ છે. જેથી તેમના પરીવારને આપણા વેપારી બંધુઓ તરફથી આર્થિક મદદ પણ મળે તે બાબતે આગળ આવવા અપીલ કરું છું. આપણી આ લાગણી બે સદગત નવયુવાનોને શ્રધ્ધાંજલી રૂપે અર્પિત્ત થશે. જેથી ફરી આપ સૌને વિશ્વાસ સાથે સહકાર આપવાનો અનુરોધ કરૂ છું.

# મન કી બાત સાથે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણઅન્ન યોજના હેઠળ લાભાર્થીઓને વિના મૂલ્યે અનાજ વિતરણ



કમલમદૈનિક,

દયાપર ખાતે મન કી બાત સાથ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત કાર્યક્રમ માં અબડાસાના ધારાસભ્ય પધ્યુમનસિહ જાડેજા એ એન.એફ.એસ યોજના હેઠળ વધુમાં વધુ લાભ મળે અને પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી એ ભાજપ સરકારે અનેક યોજનાઓ અમલમાં મુકી છે અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત નવેમ્બર સુધી વિના મૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે અને પ્રધાન મઁત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત લાભાર્થીઓ ને મફત રાશન કીટ નું વિતરણ કરવા મા આવ્યું જેમાં અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રધુમનસિહ જાડેજા, તા. ભાજપના પ્રમુખ શ્રી વેસલજીડાડા તુંવર, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ના ઈન્ચાર્જ અને પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, સહઈન્ચાર્જ હિતેષભાઈ ગોસ્વામી, વિરોધ પક્ષના નેતા શ્રી રાજુભાઈ સરદાર, મહામંત્રી હરેશભાઈ દવે, સરહદ ડેરીના વાઈસ ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, સુરેન્દ્રસિહ જાડેજા, મોડભાઈ સુમરા, તાલુકા વેચાણ સંઘના પ્રમુખ ભાણજીભા સોઢા, ભવાનજીભાઈ પટેલ સરપંચ લખપત, મોહન ચાવડા, પિયુષભાઈ અનામ, જીતુભાઈ રુપારેલ, દુકાનદારો ધર્મેન્દ્રભાઈ, કેશવજીભાઈ તથા પ્રદેશના હોદેદારો, તાલુકા-જિલ્લા પંચાયત સભ્યો તથા તાલુકા સઁગઠન ના હોદ્દેદારો, જિલ્લાના હોદ્દેદારો, મોરચાના હોદ્દેદારો, સંરપચો તથા કાર્યકર્તાઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028